# ત્રણસો પાંસઠ દિવસનો ઉત્સવ

'વિશ્વ દીકરી દિવસ' હજી હમણાં જ ગયો, તમને બધાને મારે એટલું જ કહેવાનું કે તમારાં ઘરે જો દીકરીએ જન્મ લીધો છે તો તમે નસીબદાર છો! પાછલા જનમમાં જરૂર કોઈ તગડા પુણ્ય કર્યા હશે.

અમારી વાત કરું તો અમારી બીબાઢાળ, કંઈક અંશે નિર્જીવ લાગે એવી જિંદગીમાં હાસ્યનો ફુવારો એટલે મારી દીકરી પારિજાત! એનો ગુસ્સો, એની કચકચ કરવાની ટેવ, એનું ખડખડાટ હસવું, એનું સાવ કારણ વગરનું રડી પડવું, એને ભાવતી વાનગી ના બની હોય ત્યારે મોઢું ચઢાવી લેવું, મને મારી ભૂલો બતાવવી, મારી દરેક વસ્તુ પર અબાધિત અધિકાર જમાવવાનો એનો સ્વભાવ... ખરું કહું તો આ બધું મને રોજિંદા દાળભાત ભરેલી ભોજનની થાળીમાં અચાનક એક વાડકી ઠંડા ઠંડા દહીંવડા મળી ગયા એવું લાગે છે. હા, દહીંવડા જ દહીંની સહેજ ખટાસ, સાકરની મીઠાસ, દાળની પૌષ્ટિકતા અને તીખા લીલા મરચા-આદુનો ફ્લેવર... બધું ભેગું મળીને કંઈક એવો રસ મોઢામાં ઘોળે કે મન સાથે આત્માને પણ તરબતર કરી દે... બસ, કંઈક એવું જ સ્થાન છે મારી દીકરીનું મારા જીવનમાં.

હું એને અમસ્તું જ કહ્યાં કરું છું કે, "તું તારા ડેડી જેવી જ છો, તું બિલકુલ તારા પપ્પા ઉપર જ ગઈ છે!" હકીકતે તો એ મારું જ બાળ સ્વરૂપ ફરી અવતર્યું હોય એવી છે. ફરક એટલો કે હું મારી લાગણી ક્યારેય કોઈ સામે વ્યક્ત નથી કરી શકતી અને એ છુપાવી નથી શકતી! એ નાની છે, નાદાન છે. હજી ગઈ કાલની જ વાત કરું, એ મારી બાજુમાં, અરીસા આગળ આવીને ઊભી રહી ગયેલી, મને કહે, "જો હું તારા કરતાં ઊંચી થઈ ગઈ!" મારાં ચશ્માં એણે પહેરી લીધાં અને મારાં શૂઝમાં એનો પગ નાખીને કહે, "આ મને બરોબર આવી જાય છે, હવેથી આ મારા!" હું શું જવાબ આપું?



## લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

મમ્મીનાં ચશ્માં ઉઠાવીને આંખે ચડાવી લેવા આસાન છે પણ એ સ્વસ્થ આંખોનો, ચશ્માં પાછળ છુપાવા સુધીનો સંઘર્ષ કોણ પાર કરશે..! મારા જૂતામાં એનો પગ ભલે ફીટ થઈ ગયો પણ એ જૂતા પહેર્યા પછી ડગલે ને પગલે સાચવવી પડતી મર્યાદા એણે સમજવાની હજી બાકી છે! ઊંચાઈ ફક્ત શારીરિક નહિ માનસિક રીતે પણ વધવી જોઈએ એવું હું એને સમજાવવાની કોશિશ કરતી રહું છું, એ ક્યારે બધું સમજી જશે, કોને ખબર? હા, પણ એ સમજી જશે એ વાતે હું ચોક્કસ છું.

ઉંમર ઉંમરનું કામ કરે છે, અનુભવો અને સંજોગ જ માનવીના ઘડતરનો પાયો છે અને એને જરૂર પડે ત્યાં માંગી, વણમાંગી સલાહ આપવા હું હાજર છું! એની માસૂમિયત બદલાઈને પરિપકવતા નામનું રૂપાળું મહોરું ધારણ કરી લે એ પહેલાં આ મસ્ત દિવસોને હું એની સાથે ભરપૂર જીવવા માંગુ છું! કાલે એની એક્ઝામ છે, એને એક માર્ક પણ ઓછો થાય એ ગમતું નથી અને હું આજે સાંજે એને સાથે બેસાડી એક ફિલ્મ જોવાની છું... પહેલાં તો એ ખીજવાશે, તું કેવી મમ્મી છે? હું કેવી મમ્મી છું અને મારે કેવી મમ્મી બનવું જોઈએ એ વિષય પર એ મને લેક્ચર આપશે, એના ડેડીને ફરિયાદ કરશે અને પછી હું થોડું દયામણું મોઢું કરીશ એટલે પાછી માની જશે, "આજ પછી કોઈ દિવસ કહેતી નહિ કે તું મારી સ્ટડીમાં મારી મદદ કરે છે!" એવું સંભળાવશેય ખરી હોં...

એને હાલ ખબર નથી પરંતુ એ જ્યારે મોટી થઈ જશે અને અમારી જેમ જ એના જીવનમાં અતિ વ્યસ્ત રહેતી હશે ત્યારે આ બધી જૂની વાતો યાદ કરીને એને કેવો અનેરો આનંદ આવશે એની કલ્પના હું કરી શકું છું. શાળાની પરિક્ષા તો રોજ આવશે અને જશે, ક્લાસમાં પહેલો નંબર લાવવો જોઈએ પણ એની સાથે સાથે જીવનમાં કેટલીક યાદગાર પળો ભેગી કરવી પણ એટલી જ જરૂરી છે. એના જીવનની સુંદર યાદોના પોટલામાં આજની કેટલીક ક્ષણો ઉમેરાઈ જશે...અને ભવિષ્યમાં એને યાદ કરીને જ્યારે એ ખડખડાટ હસી પડશે ત્યારે મને "Thank you" કહેશે.

**અમસ્તું,**

મારા જીવનમાં ભગવાને આપેલી અતિ સુંદર અને અણમોલ ભેંટ એટલે મારી દીકરી! વિશ્વ દીકરી દિવસ એટલે કોઈ એક નહિ પણ વરસના ત્રણસો પાંસઠ દિવસોનો ઉત્સવ.

@kapadianiyati

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા

# પોષણ માસની ઉજવણી અંતર્ગત ઓનલાઈન વેબિનાર




ગાંધીનગર, તા. ૩૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના હોમ સાયન્સ વિભાગ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી તથા શ્રી. પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે પોષણ માહની ઉજવણી અંતર્ગત તા.૨૯-૦૯-૨૦૨૦ના રોજ સમય ૨.૦૦ થી ૪.૦૦ દરમિયાન ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો વિષય 'EAT RIGHT TO BE FIT' હતો. આ વેબિનારમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડો. અર્જુનસિંહ રાણા, શ્રી. પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરના પ્રિન્સિપાલ ડો. માનસિંગભાઈ ચૌધરી, ગાંધીનગર તથા વિષય નિષ્ણાંત તરીકે સુરતના ચિલ્ડ્રન્સ હોસ્પિસ્ટલના ડાયરેક્ટર એન્ડ સી.ઈ.ઓ. ડો. પ્રશાંત કારિયા અને ન્યુટ્રિશન એન્ડ ડાયટેટીક્સના નિષ્ણાંત ડો.રીમા રાવ તેમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના હોમ સાયન્સ વિભાગના અધ્યક્ષ ક્રિપ્રાબેન ઠક્કર જોડાયા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહે આહાર, વિહાર અને વિચાર જેવા ત્રણ શબ્દોથી જીવનને સ્વસ્થ બનાવવા વિશેનું માર્ગદર્શન આપ્યું હતું. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડો. અર્જુનસિંહ રાણાએ સમતોલ આહાર સાથે વ્યાયામ તથા કસરતનું પણ મહત્વ સમજાવ્યુ. શ્રી. પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરના પ્રિન્સિપાલ ડો. માનસિંગભાઈ ચૌધરીએ લોકોમાં પોષણ અંગેની જાગૃતતા લાવવાના પ્રયાસો અંગેની માહિતી આપી. ડો. પ્રશાંત કાર્યાએ જિંદગીના પ્રથમ ૧૦૦૦ દિવસના પોષણ દ્વારા માતા તથા બાળકના ઉજજવળ ભવિષ્ય માટે ખૂબ જ ઉપયોગી એવી માહિતી આપી તથા ડો.રીમા રાવે તંદુરસ્ત રહેવા માટેનો સાચો આહાર તથા અલગ અલગ પોષકતત્વોના મહત્વ અંગેનું વિસ્તૃતમાં માર્ગદર્શન આપ્યુ હતું.

સમગ્ર વેબિનારને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના ફેસબુક પેજ પર લાઈવ મુકવામાં આવ્યો હતો, જેમા ૧૧,૦૦૦થી વધુ લોકો સહભાગી બન્યા હતા. સમગ્ર વેબિનાર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી તથા શ્રી. પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરની સહભાગીદારીથી સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



**મહેન્દ્રકુમાર બી ગજ્જર**
ઉપપ્રમુખ,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮



**સુમિત્રાબેન પ્રજાપતિ**
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**હરદીપસિંહ જાડેજા**
મો. ૯૮૯૮૮ ૭૮૭૩૪



**દીલેરસિંહ ચૌહાણ**
મો. ૯૯૨૪૪ ૦૨૦૧૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આત્મનિર્ભર ભારતના નિર્માણમાં પ્રાકૃતિક કૃષિની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે : રાજયપાલ

**નીતિ આયોગ દ્વારા આયોજીત 'ભારતીય પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો અને પદ્ધતિઓ' વિષયક બે દિવસીય કાર્યશાળાનું આયોજન**

ગાંધીનગર, તા. ૩૦

નીતિ આયોગ દ્વારા રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે ભારતીય પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રસાર માટે 'પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો અને પદ્ધતિઓ' વિષયક રાષ્ટ્રીય સ્તરની બે દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. જેના ઉદ્ઘાટન સત્રમાં ડિજિટલ માધ્યમથી જોડાઈને માર્ગદર્શન આપતાં રાજ્યપાલએ જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ખેતી અને ખેડૂતોની આત્મનિર્ભરતા માટે પ્રાકૃતિક કૃષિની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ બની રહેશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વેદમાં પણ 'કૃષિમિત્ કૃષસ્વ' દ્વારા કૃષિનું મહત્ત્વ આલેખાયું છે ત્યારે કૃષિના વ્યવસાયને ટકાઉ અને લાભદાયી બનાવવા રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિને અપનાવવી પડશે. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોના કૃષિ ખર્ચ ને ઘટાડવાથી માંડીને જળ, જમીન અને પર્યાવરણની રક્ષા, ઉત્પાદનમાં વૃદ્ધિ, દેશી ગાયનું જતન સંવર્ધન અને કૃષિ ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ જેવા મુદ્દે પદ્મશ્રી સુભાષ પાલેકરજી પ્રેરિત પ્રાકૃતિક કૃષિ ખરા અર્થમાં રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે ખેડૂતોની ઉન્નતિનું



માધ્યમ બનશે. રાજ્યપાલએ રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી મુક્તિ મેળવવા પ્રાકૃતિક કૃષિને અપનાવવા કિસાનોને અનુરોધ પણ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા કેન્દ્રિય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ એ આજના સમયની માંગ છે, એટલું જ નહીં પ્રાકૃતિક કૃષિ દ્વારા કૃષિ ક્ષેત્રની આપણી આવશ્યકતાઓ પરીપૂર્ણ થાય એથી મોટી સફળતા બીજી કોઈ હોઈ શકે નહીં.

આ કાર્યશાળામાં નીતિ આયોગના ઉપાધ્યક્ષ ડૉ. રાજીવ કુમારે દેશભરના વિવિધ એગ્રોક્લાઈમેટ ઝોનમાં પ્રગતિશીલ કિસાનો દ્વારા થઈ રહેલા પ્રાકૃતિક કૃષિના સફળ પ્રયોગોના અભ્યાસ ઉપર ભાર મૂકી પ્રાકૃતિક કૃષિ સાથે વૈજ્ઞાનિક સંશોધનોને જોડવાની હિમાયત કરી હતી.




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં સપ્ટેમ્બર મહિનામાં વિવિધ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી જેમકે 'હિન્દી કાવ્ય પઠન', 'કલરિંગ કોમ્પિટિશન', 'ચલો ડે' અને 'ફ્લાવર ડે' માં મનમોહક અને રંગીન ફૂલો બતાવી તેની માહિતી અને ઉપયોગની જાણકારી આપવામાં આવી હતી. આમ આ સંસ્થા ખાતે અલગ અલગ પ્રવૃત્તિ દ્વારા બાળકોને ઓનલાઈન જ્ઞાન સભર શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.



### 'એક પહેલ' પ્રોજેક્ટ અંતર્ગત સેવાકીય પ્રવૃત્તિ

ભારતમાં અનેક એનજીઓ શિક્ષણ, સ્વાસ્થ્ય, પરિવાર કલ્યાણ અને વુમન એમ્પાવરમેન્ટ માટે કામ કરે છે. ગાંધીનગર સ્થિત કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન કંપનીના થોડાક મિત્રો પોતાના નામના મોહ વિના 'એક પહેલ' પ્રોજેક્ટ અંતર્ગત સ્વયંભૂ કામ કરી રહ્યા છે. જેમાં કોરોના વૈશ્વિક મહામારી સમય દરમિયાન એમણે ઘણી વસાહતમાં રહેતા શ્રમજીવી પરિવારને કરિયાણાની મદદ કરી હતી. માસ્ક અને સેનેટાઈઝર વિતરણ સેવા પણ અવિરત ચાલી રહી છે. આ સેવાકાર્યમાં સૌ નિસ્વાર્થ ભાવે જોડાય છે.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩૦

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની યાદીમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આ સંસ્થામાં સિવિલ એન્જીનીયરીંગની બ્રાન્ચમાં અભ્યાસ કરતા હર્ષદીપસિંહ પરમાર ટેનીસ અને સોફ્ટ ટેનિસની રમતમાં તાજેતરમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આપવા માં આવતો સરદાર પટેલ એવાર્ડ જીતી સંસ્થાનુ ગૌરવ વધાર્યુ છે.આ ઉપરાંત હર્ષદીપને રુ. ૨૫૦૦૦/- નું રોકડ પુરસ્કાર પણ પ્રાપ્ત કર્યું હતું

હર્ષદીપ પોતાની આ સફળતા માટે સંસ્થાના પ્રાધ્યાપકોને શ્રેય આપે છે. હર્ષદીપ પ્રથમ સેમેસ્ટર થી ૮માં સેમેસ્ટર સુધી ટેનીસ અને સોફ્ટ ટેનિસની યુનીવર્સીટી કક્ષાની અને રાજ્ય કક્ષાની અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ ચુક્યો છે. આ ઉપરાંત આશરે પાંચ જેટલી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી ચુક્યો છે. હર્ષદીપની આ સ્પોર્ટ્સ કારકિર્દીની સફળતામાં શૈક્ષણિક કારકિર્દીને નુકશાન ન થાય તે અંગેની જવાબદારી સંસ્થાના કર્તવ્યનિષ્ઠ પ્રાધ્યાપકોના સિરે જાય છે. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ૧૫ થી ૨૦ દિવસનું શૈક્ષણિક કાર્યનું નુકશાન ભરપાઈ કરવા વધારાના



તાસ અને પર્સનલ ગાઈડલાઈનથી આપવામાં આવ્યા હતા. હર્ષદીપ સંસ્થામાં શિક્ષણ આપતા પ્રાધ્યાપકોના આ સહકારને કાયમી યાદ રાખી તેમનો આભારી રહેશે. હર્ષદીપની આ સફળતા માટે બાપુ ગુજરાત નોલેજ વિલેજ પરિવારના સમગ્ર સભ્યોએ હર્ષદીપની ઉત્તરોત્તર પ્રગતિ અને ભવિષ્યની ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી છે.

# આઈઆઈટીઈ અને નેકના સંયુક્ત ઉપક્રમે બી.એડ. કોલેજો માટે એસેસમેન્ટ તથા એક્રેડિટેશન અંગે રાષ્ટ્રીય વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ) અને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (એનએએસી - નેક)ના સંયુક્ત ઉપક્રમે સંલગ્ન બી.એડ. કોલેજો માટે એસેસમેન્ટ અને શાનભાગ, સહ સલાહકાર ડૉ. એ. વી. પ્રસાદ અને પ્રૉફ. ટી. કે. એસ. લક્ષ્મી જોડાયાં હતાં. આઈઆઈટીઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન શિક્ષક પ્રશિક્ષણની કોલેજો માટે ક્વૉલીટી એશ્યોરન્સ અને એક્રેડિટેશન મેળવવાની પ્રક્રિયાના વિવિધ ભાગોની સમજણ તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી.

- **આઈઆઈટીઈ સાથે સંલગ્ન બી.એડ. કોલેજોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે નેકમાં કેવી રીતે અરજી કરવી અને તેના માપદંડો માટે શું તૈયારી કરવાના માર્ગદર્શન માટે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું.**
- **નેંકના સલાહકાર અને તજજ્ઞોએ એક્રેડિટેશન મેળવવા માટે જરૂરી બાબતોની ઝીણવટભરી માહિતી આપી અને એ માટે કોલેજોના પ્રશ્નોના ઉકેલ સૂચવ્યા**

એક્રેડિટેશનની નવી પ્રક્રિયા વિશે માર્ગદર્શન અને સમજૂતી માટે રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ વેબિનારમાં નેકના સલાહકાર ડૉ. ગણેશ હેગડે, ડૉ. સુજાતા

આ વેબીનારમાં નેકમાં કેવી રીતે અરજી કરવી, તે માટેની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા, નેકના માળખા અને એક્રેડીટેશન મેળવવાની પ્રક્રિયાના સાત તબક્કાઓની સમજણ, ડેટા વેલિડેશન અને વેરિફિકેશન, સ્ટુડન્ટ સેટિસ્ફેક્શન સર્વે અને પીયર ટીમ વિઝીટના મહત્ત્વ અને તેની પ્રક્રિયા અંગે જાણકારી આપી.

સેમિનારમાં જોડાયેલ કોલેજના આચાર્યોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા અને એસેસમેન્ટ અને એક્રેડીટેશનને લગતા પ્રશ્નોનું સમાધાન મેળવ્યું હતું. આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે "૨૦૧૯માં નેક દ્વારા ટીચર એજ્યુકશન સંસ્થાઓના એક્રેડિટેશન માટે અલગ મોડ્યુલ તૈયાર કરવામાં આવ્યા હતા. આઈઆઈટીઈ સાથે સંલગ્ન ૫૯ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ. કોલેજો અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો એસેસમેન્ટ અને એક્રેડિટેશન મેળવે અને એની પ્રક્રિયામાંકોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી આ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું."

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, "નેક દ્વારા માન્યતા મેળવી આ શિક્ષક પ્રશિક્ષણ કોલેજો પોતાના સારા નરસા પાસાં જાણી સતત અને સખત સુધારો કરી ઉચ્ચતમ ગુણવત્તાયુક્ત શિક્ષકો તૈયાર કરી શકશે.

આ વેબિનારનું સંકલન આઈઆઈટીઈના આઈક્યૂએસી ડાયરેક્ટર પ્રૉ. દિવ્યા શર્માએ કર્યું હતું.

# GVK EMRI 108 ઈમરજન્સી દ્વારા ગાંધીનગરના રાધે-રાધે પરીવાર ગ્રુપને સર્ટિફિકેટ એનાયત કરાયું

ગાંધીનગર, તા. ૩૦

હાલમાં સમગ્ર વિશ્વભરમાં કોરોનાની મહામારી ચાલી રહી છે જેથી સમગ્ર જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. આવા કપરા સમયમાં સરકાર પણ પોતાની ફરજ ખુબ જ



નિષ્ઠાપૂર્વક નિભાવી રહી છે. અને સાથે સાથે સરકાર સાથે રહી રાષ્ટ્રસેવામાં કેટલાક સમાજસેવકો અને યુવાનો દેવદૂત બનીને જનતા ની સેવા કરવામાં ક્યારેય પાછી પાની કરતા નથી.જેમાં ની ગાંધીનગર માં કાર્યરત રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા ૨૨ મી માર્ચ થી દરરોજ ૧૧૦૦ થી વધુ ગરીબોને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવી રહ્યું છે. જેમાં કોરોના વોરીયર્સ એવા પોલીસ જવાનો,ફાયર બ્રિગેડના જવાનો, મીડિયા કર્મીઓ અને ૧૦૮ ના કર્મચારી નો પણ સમાવેશ થાય છે. આગામી દિવસોમાં પણ રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા આ સેવાકીય પ્રવુતી જરૂરિયાતમંદ વ્યક્તિઓ તથા કોરોના વોરીયર્સ ને સેવા પુરી પાડવામાં આવશે. સાથે સાથે અમારા ગ્રૂપ ધ્વારા આપણા સૌની સુરક્ષા માટે રાત-દિવસ પહેરો રાખનાર એવા કોરોના વોરીયર્સ એટલે કે પોલીસ જવાનોને માસ્ક, સેનેટાઈઝર અને કાળઝાળ ગરમીમાં બપોરના સમયે છાશ, લીંબુ નો શરબત નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

જેથી રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર, ગુજરાત એ કરેલ અદભૂત કામગીરી બદલ GVK EMRI 108 ઈમરજન્સી તરફથી સર્ટિફિકેટ એનાયત કરીને સમગ્ર ગ્રુપ ની કામગીરી ને ધન્યવાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ સર્ટિફિકેટ ખુબ જ ઓછા લોકો ને જ સમર્પિત થાય છે. તો આપણા સૌના માટે ગર્વ ની વાત એ છે કે ગાંધીનગર માં સમાજ સેવાની અનોખી મિસાલ બની રહેલા 'રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર× નો પણ સમાવેશ થયો છે. GVK EMRI 108 ઈમરજન્સી ના ચીફ ઓપરેટિંગ ઓફીસર માનનીય જસવંત પ્રજાપતિ સાહેબ તથા તેમના સમગ્ર સ્ટાફે રાધે-રાધે પરીવાર ગ્રુપ ની સમગ્ર ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે રાધે-રાધે પરીવાર એ સમગ્ર ૧૦૮ ની ટીમ નો હૃદય પુર્વક ખુબ ખુબ આભાર માન્યો હતો.




રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના ભાગરુપે બીએસએફ, ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બીએસએફ જવાનો દ્વારા ૧૦૦૦ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું.